# ક્રિપ્ટોવાયર અને ગૂગલ ક્લાઉડ વચ્ચેના સહયોગથી કેવા ફાયદા થશે?




## ઉત્સુક વ્યક્તિઓ તથા પ્રોફેશનલ્સને ક્રિપ્ટોકરન્સી ઉપરાંત બ્લૉકચેઇન ટેક્નૉલૉજી તથા એના ઉપયોગની ઊંડાણપૂર્વકની માહિતી તથા અદ્યતન જ્ઞાન આપવાનો ઉદ્દેશ

૬૩ મૂન્સ ટેક્નૉલૉજીઝ લિમિટેડની પેટા કંપની ટિકરપ્લાન્ટે ક્રિપ્ટોવાયર ઇકોસિસ્ટમના વિકાસ માટે ગૂગલ ક્લાઉડ સાથે સહયોગ કર્યો છે. આ સંદર્ભમાં ગુરુવારે જાહેરાત કરવામાં આવી હતી. આ સહયોગ દ્વારા ક્રિપ્ટો અને બ્લૉકચેઇન ઉદ્યોગના તમામ પાર્ટિસિપન્ટ્સને એકસમાન માધ્યમ પર સર્વિસિસ પ્રાપ્ત થઈ શકશે.

ટિકરપ્લાન્ટના સ્પેશિયલ બિઝનેસ યુનિટ ક્રિપ્ટોવાયરની સ્થાપના વૈશ્વિક માધ્યમ તરીકે કરવામાં આવી છે જે ક્રિપ્ટોકરન્સી ઉપરાંત બ્લૉકચેઇન ટેક્નૉલૉજી તથા એના ઉપયોગની બાબતો લોકો માટે સમજવામાં સરળ બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે. આ નવા ક્ષેત્રે ઉત્સુક વ્યક્તિઓ તથા પ્રોફેશનલ્સ સમજદારીપૂર્વક બિઝનેસના નિર્ણયો લઈ શકે એ હેતુથી તેમને ઊંડાણપૂર્વકની માહિતી તથા અદ્યતન જ્ઞાન આપવા માટે ગૂગલ ક્લાઉડ સાથે સહયોગ કરવામાં આવ્યો છે.

ક્રિપ્ટો ઍસેટ અને બ્લૉકચેઇન ઇકોસિસ્ટમ વિશે ક્રિપ્ટોવાયરના અદ્યતન પોર્ટલ ક્રિપ્ટો ટીવી અને ક્રિપ્ટો યુનિવર્સિટી મારફત ટેક્નૉલૉજી અને જ્ઞાન પૂરું પાડવામાં આવશે. આ દિશામાં ટિકરપ્લાન્ટ ગૂગલ ક્લાઉડના સક્ષમ અને ઉત્કૃષ્ટ ડેટા મૅનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરશે. એના મારફત ક્રિપ્ટોવાયરની ઍપ્લિકેશન્સનો વિસ્તાર કરવામાં આવશે.

ટિકરપ્લાન્ટ વિડિયો-સ્ટ્રીમિંગ, કન્ટેન્ટ ડિલિવરી, સ્માર્ટ બિઝનેસ એક્ઝિક્યુશન અને ઑપોર્ચ્યુનિટી કન્વર્જન્સ જેવી પોતાની નવીન ક્ષમતાઓનો ઉપયોગ કરશે. ક્રિપ્ટોવાયર ગૂગલ ક્લાઉડની સ્માર્ટ ડેટા ઍનૅલિટિક્સ, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી અદ્યતન ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીને ગ્રાહકોને વધુ સારી સુવિધાઓ ઑફર કરશે એમ ક્રિપ્ટોવાયરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ટિકરપ્લાન્ટના મૅનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર જિગીશ સોનગરાએ આ સહયોગ વિશે જણાવ્યું હતું કે ‘ક્રિપ્ટો અને બ્લૉકચેઇન માર્કેટ અતિશય ઝડપી ગતિએ આગળ વધી રહી છે. આવામાં રિયલ ટાઇમ ધોરણે આવશ્યક ટેક્નૉલૉજી પૂરી પાડી શકે એવા સહયોગીની જરૂર હતી. ગૂગલ ક્લાઉડની સાથે મળીને અમે સતત બદલાતા સંજોગોમાં સચોટ માહિતી સમગ્ર વિશ્વના લોકો સુધી ઝડપથી અને ચોકસાઈપૂર્વક પહોંચાડી શકીશું.’

ટિકરપ્લાન્ટના ચીફ ઑપરેટિંગ ઑફિસર ઋષભ શાહે કહ્યું હતું કે ‘ગૂગલ ક્લાઉડના નેટવર્કનો ઉપયોગ કરીને ક્રિપ્ટોવાયર, ક્રિપ્ટો ટીવી અને ક્રિપ્ટો યુનિવર્સિટીએ વ્યાપક વૈશ્વિક વિકાસનો મંચ ખુલ્લો મૂક્યો છે; જેનો ઉપયોગ અલગ-અલગ દેશ, ઉદ્યોગો, સહભાગીઓ, નવી પેઢીના વેપાર સાહસિકો અને પ્રોફેશનલ્સ કરી શકશે.’